(1) નેશનલ ડિજિટલ હેલ્થ મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ મિશન હેઠળ દરેક ભારતીયને એક હેલ્થ આઈડી કાર્ડ મળશે.
(2) આ મિશન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કાર્યશીલ થશે.
(3) ડોકટર વિઝિટ દરમિયાન આઈડી કાર્ડમાં રહેલ દર્દીની ગોપનીય માહિતી મેળવવાની મંજૂરી દર્દી પોતે જ આપી શકશે.
(4) આ મિશનનો ઉદ્દેશ ભારતના આરોગ્ય ક્ષેત્રમાં અસરકારકતા, કાર્યક્ષમતા અને પારદર્શકતા વધારવાનો છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 74માં સ્વાતંત્ર્ય દિવસ દરમિયાન પ્રધાનમંત્રી શ્રી દ્વારા નેશનલ ડિજિટલ હેલ્થ મિશન લોંચ કરવામાં આવ્યું છે.

⇛ આ મિશન હેઠળ, દરેક ભારતીયને એક હેલ્થ આઈડી કાર્ડ મળશે. આ કાર્ડમાં જે–તે વ્યકિતની ભૂતકાળની આરોગ્ય પરિસ્થિતિઓ, સારવાર અને ડાયાગ્નોસીસ જેવી યોગ્ય માહિતીઓ હશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ મિશન સંપૂર્ણ રીતે ટેક્નોલોજી આધારીત છે.

⇛ આ મિશન ભારતમાં આરોગ્ય ક્ષેત્રની કાર્યક્ષમતા, અસરકારકતા અને પારદર્શકતાને સુધારવાનો ઉદ્દેશ રાખે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ મિશન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (આયુષમાન ભારત) હેઠળ કાર્યશીલ થશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ દર્દી ડોકટરની વિઝિટ કરે ત્યારે હેલ્થ કાર્ડમાં રહેલ પોતાની ગોપનીય માહિતી ડોકટર મેળવી શકે તેવી મંજૂરી દર્દી પોતે જ આપી શકશે. આથી, દર્દીની ગોપનીયતા જળવાય રહેશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) અમૃત યોજના રેંકીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રેંકીંગ જલ શકિત મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.

(2) તાજેતરમાં જાહેર થયેલાં રેંકીંગમાં રાજસ્થાનનો પ્રથમ ક્રમ રહયો છે.

(3) અમૃત યોજનાના દરેક પ્રોજેકટ માર્ચ 2021 સુધીમાં પૂર્ણ થઈ જશે.

(4) રેંકીંગમાં ગુજરાતનો ક્રમ બીજો આવ્યો છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ અમૃત (AMRUT)-Atal Mission for Rejuvenation and Urban Transformation) યોજનાના રેંકીંગ તાજેતરમાં આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા જાહેર કવરામાં આવ્યા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રેંકીંગમાં 85.67% ગુણ સાથે ઓડીશાનો પ્રથમ ક્રમ આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઓડીશાના 9 શહેરોમાં આ યોજના કાર્યશીલ છે.

⇛ ઓડીશા બાદ ક્રમશઃ ચંદીગઢ, તેલંગાણા, ગુજરાત અને કર્ણાટકનો ક્રમ આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ યોજના શહેરી વિસ્તારોમાં 'પાઈપ વોટર'ની સુવિધા પહોંચાડવા માટેની, સુએજ નિર્માણની તથા ગ્રીન સ્પેસ વધારવા માટેની છે.

⇛ આ યોજનાના કુલ 191 પ્રોજેકટમાંથી 148 પૂર્ણ થઈ ચુકેલા છે. અન્ય પ્રોજેકટ માર્ચ 2021 સુધીમાં પૂર્ણ થઈ જશે. (આથી, વિધાન (3) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (3) ઓરુનોડોઈ (અરુણોદય-ORUNODOI) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ યોજના પશ્ચિમ બંગાળમાં લોંચ કરવામાં આવી છે.
(2) આ યોજના મહિલાઓને નાણાકીય રીતે સશક્ત કરવા માટે લોંચ કરવામાં આવી છે.
(3) યોજના હેઠળ ગરીબ પરિવારને પ્રતિમાસ 1500 રૂપિયા મળશે.
(4) યોજનાની એકમાત્ર શરત છે કે પરિવારની કુલ આવક 3 લાખથી વધુ હોવી જોઈએ નહીં.

(A) આપેલ તમામ
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ ઓરુનોડોઈ યોજના આસામ રાજ્યની છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આ યોજના મહિલાઓને નાણાકીય રીતે સશક્ત બનાવવા માટે લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ આસામની સૌથી મોટી યોજના બનશે. યોજના દ્વારા 17 લાખથી વધુ પરિવારોને લાભ મળશે.

⇒ યોજના હેઠળ ગરીબ પરિવારને પ્રતિમાસ 830 રૂપિયા આપવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ યોજના એવા પરિવારોને પ્રાધાન્યતા આપશે જેનું સંચાલન છૂટાછેડા થયેલ સ્ત્રી, વિધવા સ્ત્રી, છૂટી થયેલી અને અવિવાહીત સ્ત્રી દ્વારા કરવામાં આવતું હોય.

⇒ યોજનાની એકમાત્ર શરત છે કે પરિવારની કુલ વાર્ષિક આવક 2 લાખથી ઓછી હોવી જોઈએ. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## (4) TESS ઉપગ્રહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) TESSનું પૂરુંનામ Transiting Exoplanet Survey Satellite છે.

(2) તે એક અવકાશી ટેલીસ્કોપ છે.

(3) આ ઉપગ્રહ યુરોપીયન સ્પેસ એજન્સીનો છે.

(4) TESSનો પ્રાથમીક હેતુ પૃથ્વીની નજીકના ધૂમકેતુ તથા અન્ય અવકાશી પદાર્થનો અભ્યાસ કરવાનો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ TESSનું પૂરુંનામ Transiting Exoplanet Survey Satellite છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તાજેતરમાં TESS દ્વારા 66 નવા બાહ્યગ્રહો શોધવામાં આવ્યા છે.

⇛ TESS એ નાસાનો ઉપગ્રહ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તે એક અવકાશી ટેલીસ્કોપ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો પ્રાથમીક હેતુ પૃથ્વીના નજીકના સૌથી વધુ તેજસ્વી તારાઓનો સર્વે કરવાનો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તેમાં એવા વાઈડ–ફીલ્ડ કેમેરા આવેલા છે જેના દ્વારા 85% આકાશ કવર થાય છે.

⇛ મે 2020 સુધીમાં તેના દ્વારા 1835 જેટલા બાહ્યગ્રહ શોધવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) ભારતમાં ઓર્ગેનીક (જૈવીક) ખેતી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારત વિશ્વમાં ઓર્ગેનીક ખેડૂતોની દષ્ટિએ વિશ્વમાં પ્રથમ ક્રમે છે.

(2) ઓર્ગેનીક ખેતી હેઠળ આવરવામાં આવેલા વિસ્તારની દષ્ટિએ ભારત ત્રીજા ક્રમે છે.

(3) સિક્કીમ વિશ્વનું પ્રથમ સંપૂર્ણ ઓર્ગેનીક રાજ્ય છે.

(4) ભારતમાંથી નિકાસ થતાં મુખ્ય ઓર્ગેનીક પાકમાં અળસીના બીજ, તલ, સોયાબીન, ચા વગેરેનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ઓર્ગેનીક ખેતી કરતા ખેડૂતોની સંખ્યાની દષ્ટિએ ભારત પ્રથમ ક્રમે છે. ભારતમાં વિશ્વના 30% ઓર્ગેનીક ખેડૂતો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ઓર્ગેનીક ખેતી હેઠળ આવરવામાં આવેલાં વિસ્તારની દષ્ટિએ ભારતનો 9મો ક્રમ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ઓર્ગેનીક પેદાશો : અળસીના બીજ (Flax seeds), તલ, સોયાબીન, ચા, ઔષધી છોડ, ચોખા અને કઠોળ. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વિશ્વમાં સિક્કીમ એવું પ્રથમ રાજ્ય બન્યું હતું જે સંપૂર્ણ રીતે ઓર્ગેનીક હોય. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ત્રિપુરા અને ઉત્તરાખંડ દ્વારા પણ ઓર્ગેનીક રાજ્ય બનવાના લક્ષ્ય રાખવામાં આવ્યા છે.

⇛ ભારતનો પૂર્વોત્તર વિસ્તાર પારંપરિક રીતે ઓર્ગેનીક જ રહયો છે કારણ કે અહીં, ખેતીમાં રસાયણોનો ઉપયોગ અન્ય રાજ્યો કરતાં ખૂબ ઓછો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT